# ઋણ સ્વીકાર

સાહિત્યનાં વિવિધ સ્વરૂપો પૈકી વાર્તા પ્રત્યેનું મારું આકર્ષણ બાળપણથી જ હતું. આમ તો વાર્તા પ્રત્યેનાં રસરુચિ જાણે મને વારસામાં મળ્યાં હતાં એમ કહું તો ખોટું નથી. કેમ કે મારા દાદા પણ સાહિત્ય એમાંય વાર્તામાં વધુ રસ ધરાવતાં હતાં એવું મને મારા પાડોશી વૃદ્ધ દાદા પાસેથી જાણવા મળેલું. ત્યારબાદ માધ્યમિક શાળા શિક્ષણમાં પણ ગુજરાતી સાહિત્યની ઉત્તમ એવી 'જુમો ભિસ્તી' 'દીકરો' 'પોસ્ટ ઓફિસ' 'પૃથ્વી અને સ્વર્ગ' 'રાજપુતાણી' 'ભૈયાદાદા' 'લોહીની સગાઈ' વાર્તાઓએ મારી રુચિને સંકોરી. અને આ ઉત્તમ વાર્તાઓનું એટલું જ સંવેદનાત્મક અધ્યાપન કાર્ય કરે એવા સફળ શિક્ષકો પણ માધ્યમિક કક્ષાએથી જ મળ્યાં જેમાં ગુજરાતી વિષય પ્રત્યેની રુચિ કેળવવામાં ખૂબ જ પ્રેરણારૂપ બનેલા એવા સંજયભાઈ બ્રહ્મભટ્ટ સાહેબને આ ક્ષણે વંદન સાથે સ્મરું છું. વાર્તા કહેવી અને વાર્તા સાંભળવી આ બંનેમાં શૈશવકાળથી જ મને રસ રહેલો.

અનુસ્નાતક કક્ષાએ મ.સ યુનિવર્સિટીનાં એમ.એનાં વર્ગખંડમાં જયંત ખત્રીની 'લોહીનું ટીપું' વાર્તા વાંચી અને મનમાં તરત જ વાર્તા ઉપર જ પીએચ.ડી કરવાનો સંકલ્પ કર્યો હતો. પણ પેલું કહેવાય છે ને સંકલ્પ કરનાર તે આપણે ને પૂરા કરનાર પરમાત્મા. અચાનક એક દિવસે મિત્ર દિલીપ મળ્યો અને એની તરફની મીઠી ઈર્ષાએ મને NET પરીક્ષા આપવા પ્રેર્યો. દિલીપે પૂરતું સંદર્ભ સાહિત્ય પણ પૂરું પાડ્યું. બંનેએ સાથે જ પરીક્ષા આપી. અને અમે બંને JRF સાથે પાસ થયા.

ગુજરાતી વિભાગમાં અભ્યાસ કરતા કરતા જ પીએચ.ડી તો ભરત પંડ્યા સરના માર્ગદર્શન હેઠળ જ કરીશ એવો દઢસંકલ્પ કરેલો. વર્ષાઋતુનાં વરસતા વરસાદમાં ભીંજાતા અમે બંને મિત્રો પીએચ.ડીનાં રજિસ્ટ્રેશન માટે સાહેબને મળવા આવ્યાં. ત્યારે સાહેબે એક અઠવાડિયાનો સમય લીધો. આ આખું અઠવાડિયું હતાશારૂપી વાયરાનાં વાવાઝોડાં વચ્ચે વીત્યું. પણ હું અને મારો સંકલ્પ બંને પાક્કા રહ્યાં હતાં. નક્કી કરી લીધું હતું કે પીએચ.ડી તો ભરત પંડ્યા સરના માર્ગદર્શન હેઠળ જ કરવી. હમણાં જગ્યા ન મળે તો વરસ દાહડા પછી

રજિસ્ટ્રેશન કરાવવું. પણ થોડાક જ દિવસોમાં પંડ્યા સરે જાણે કે મારી ધીરજની કસોટી લેતાં હોય એમ રજિસ્ટ્રેશન માટે જણાવ્યું. ત્યારે જાણે કે પીએચ.ડી જ થઈ ગયા હોય એટલો અનહદ આનંદ રોમેરોમમાં વ્યાપી ગયો હતો.

કથાસાહિત્યમાં મને રસ આથી મારા માર્ગદર્શક ભરત પંડ્યા સરે વિષય પસંદ કરવા જણાવ્યું. અને અનુઆધુનિક સમયગાળાની વાર્તાની સ્થિતિને ધ્યાનમાં રાખી અને “૧૯૯૦ પછીની ગુજરાતી ટૂંકીવાર્તાઓમાં પ્રાદેશિકતાઃ એક અભ્યાસ” આ વિષય પસંદ કર્યો. ત્યારબાદ સંશોધનની કેડીએ આગળ વધતો ગયો. આ દરમિયાન તારીખ ૯-૦૮-૨૦૨૧ ના રોજ મારી શિક્ષણ સહાયક તરીકે શ્રી આદર્શ સરસ્વતી વિદ્યામંદિર, નગરા હાઇસ્કૂલમાં પસંદગી થઈ. જે મારાં જીવનનો અને સફળતાનાં પગરણ સમો એક નવો જ પડાવ હતો. અધ્યયન અધ્યાપનની સાથે સાથે સંશોધનકાર્ય કરવું કપરું કામ છે છતાં ઉદ્યમ અને સમયને એક સરખો ન્યાય આપી આ શોધનિબંધ પૂર્ણ કર્યો.

મારા શોધનિબંધનો વિષય “૧૯૯૦ પછીની ગુજરાતી ટૂંકીવાર્તાઓમાં પ્રાદેશિકતાઃ એક અભ્યાસ” છે. આ શોધનિબંધ કુલ સાત પ્રકરણોમાં વિભાજિત છે. પ્રકરણઃ૧ માં પ્રાદેશિકતાની સંજ્ઞા અને સ્વરૂપ સાહિત્ય અને પ્રાદેશિકતા, આધુનિકતાની પ્રાદેશિકતા પર અસર, પ્રાદેશિકતાનું સ્વરૂપ, લાક્ષણિકતાઓ, વિભાવનાઓને પ્રસ્તુત કરી આપી છે. જ્યારે પ્રકરણઃ૨ થી ૬ માં અનુક્રમે મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છપ્રદેશોની પસંદ કરેલી વાર્તાઓમાં પ્રાદેશિકતા અને એની વિભાવના કેવી રીતે આકાર લે છે ઉપરાંત વાર્તાનાં ઘડતરમાં તે કેટલું ઉપકારક બને છે એ વિશે વસ્તુનિષ્ઠ તથ્યો રજૂ કરી આપ્યાં છે. ગુજરાતી વાર્તા ૧૯૮૦ પછી અનેક બદલાવોને સ્વીકારતી આગળ વધે છે. ત્યારે અહીં મારા સંશોધનમાં મેં ૧૯૯૦ પછીના સમયના સર્જકોની જે તે પ્રદેશ વિશેષનું પ્રતિનિધિત્ત્વ કરતી વાર્તાઓને અભ્યાસમાં લીધી છે. મેં પસંદ કરેલી ગુજરાતનાં બધાં

પ્રદેશોની વાર્તાઓને પ્રાદેશિક સંદર્ભે અભ્યાસી છે. પરંતુ આ વાર્તાઓમાં બીજા ઘણા એવા સંદર્ભો અને તથ્યો ગર્ભિત છે. જે ઉજાગર થાય તો આ વાર્તાઓ અને એમની વસ્તુનિષ્ઠતા વધુ વ્યાપક બને.

પીએચ.ડીમાં વિષય પસંદગીથી લઈ આ શોધનિબંધ પૂર્ણ થયો ત્યાં સુધી આ કાર્ય કરવા માટે બળ પૂરું પાડનાર મારા માર્ગદર્શક ડો.ભરત પંડ્યા સરનો આભાર માનું એટલો ઓછો છે. કારણ કે અધ્યાપક, માર્ગદર્શક જ્યારે તમને 'દીકરા' સંબોધન સાથે કામ કરવાની પ્રેરણા પૂરી પાડે ત્યારે બીજા શબ્દો ઓછા પડે. તેમની આ સંવેદનાત્મક દૃષ્ટિએ આ કાર્ય કરવાની ધીરજ, ધગસ મારામાં અકબંધ રાખ્યાં છે.

મારી વિદ્યાકીય પ્રવૃત્તિને સંવર્ધિત કરનારા મ.સ યુનિવર્સિટીનાં ગુજરાતી વિભાગના મારા ગુરુજનો ડૉ.ભરત મહેતા, ડૉ. પુંડલીક પવાર, ડૉ.રાજેશ પંડ્યા ડૉ.દર્શિની દાદાવાલાનું ઋણ સ્વીકારી તેમને વંદન કરું છું. આ ઉપરાંત જયેશ ભોગાયતા, ભરત મહેતા, રાજેશ વણકર, રવીન્દ્ર પારેખ, પ્રભુદાસ પટેલ, અજય સોની, જયંત રાઠોડ જેવા અભ્યાસીઓ અને વાર્તાકારોએ ઉપયોગી સલાહ સૂચનો અને જરૂર પડે ઉપયોગી સાહિત્ય પણ પૂરું પાડ્યું એ બદલ હું એમનો ઋણી છું. એમાંય ડૉ.રાજેશ વણકર અને મિત્ર અજય સોનીનો સવિશેષ આભાર માનવો ગમશે. 'તારે લખવાનું નથી' 'લખવા બેસ' એમ સતત મારા આ સંશોધનકાર્ય અંગે મને ટોકતા એવા મારા માતૃશ્રીએ પણ મને આ કાર્ય પૂર્ણ કરવા પીઠબળ પૂરું પાડ્યું છે. તો ધર્મપત્ની પ્રિયંકા એનાં સમર્પણ અને ત્યાગ વિસ્મરણીય છે.પુત્ર હૈમાય અને એના 'પપ્પા તમારે લેશન કરવાનું નથી? જેવા કાલીઘેલી વાણીમાં ઉચ્ચારાયેલ શબ્દો આ ક્ષણે યાદ આવે. ખરા સમયે મને ટેકનિકલ સાધન પૂરું પાડનાર એવા મારા ભાઈ અમિતને કેમ ભુલાય? સતત ફોન પર મારા પીએચ.ડીના કામ વિશે જાણવાની આતુરતા દાખવતાં વડીલ કૌશિકભાઈ પટેલને પણ આ ક્ષણે યાદ કરું છું. આમ તો ઘણાં એવા નામો છે જેમણે મને નાની મોટી મદદ કરી છે. એ સર્વના નામ ન લેતા મારા હિતેચ્છુ એવા સર્વનો આભાર વ્યકત કરું છું. શ્રી આદર્શ કેળવણી મંડળ નગરા સંચાલિત શ્રી આદર્શ સરસ્વતી વિદ્યામંદિર હાઇસ્કુલ નગરાનાં સૌ ટ્રસ્ટીઓ અને મારા સૌ સ્ટાફમિત્રોનો પણ એટલો જ

સહકાર રહ્યો છે. તેથી એ સર્વનો પણ આ તકે આભાર માનું છું. સર્વ મિત્રોના સાથ અને સહકારથી મારો આ કર્મયજ્ઞ સફળ બન્યો છે.

એવી જ રીતે મારા કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મને મદદરૂપ થનારા મારા મિત્રો એવા રાઘવ ભરવાડ, સંતોષ ભાલિયા, દિલીપ ચૌહાણ, મયુર સિંદે, જયમીન મકવાણા, જય મકવાણા, મનાલી જોશી, ભૂમિ પ્રજાપતિ, અલ્પા ગોહિલ, માનસી જયસ્વાલ, સપના આ સર્વ સાથી મિત્રો મારી અભ્યાસ સાધનાનાં સાક્ષીરૂપ બન્યાં છે.એમાંય મિત્ર રાઘવ અને સંતોષનો હું વિશેષ ઋણી છું. કેનેડામાં રહીને પણ ‘તારે પીએચ.ડી કરવાનું જ છે’ એ વાતને સતત મારામાં દૃઢ કરતા એવા મારા જીગરી મિત્ર પ્રણવ તો સ્નાતક કક્ષાએથી જ મને સતત સાહિત્યરૂપી પ્રેરણા આપતા એવા મિત્ર રાહુલને પણ આ ક્ષણે યાદ કરું છું.

અંતે જેનો જીવનલય મારામાં ધબકે છે એવા મારા સ્વ. પિતાજી અને મારા ઇષ્ટદેવ હાટકેશ દાદા અને કુળદેવીને હું નમન કરું છું.

બારોટ વાસુદેવ રમણભાઈ

શિક્ષણ સહાયક

શ્રી આદર્શ સરસ્વતી વિદ્યામંદિર, નગરા

તા.ખંભાત જિ.આણંદ ગુજરાત